સંદેશ સમાચાર પત્ર તારીખ ૨૪/૦૯/૨૦૦૮.

# રોજગારી પૂરી પાડવામાં ગુજરાતને 'નંબર વન'નો એવૉર્ડ

ગાંધીનગર, મંગળવાર

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યે બેરોજગારોને રોજગારી આપવા ક્ષેત્રે દેશભરમાં સતત પાંચ વર્ષથી પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. ગુજરાતની આ સિદ્ધિને બિરદાવીને આઈબીએન-૭ નેટવર્ક દ્વારા દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં ગુજરાતને આઈબીએન-૭ ડાયમન્ડ એવૉર્ડ દ્વારા શ્રેષ્ઠ રાજ્ય તરીકે સન્માન અપાયું હતું. દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે અપાયેલ રોજગારી અંગેની કક્ષાના આઈબીએન-૭ ડાયમંડ સ્ટેટ એવૉર્ડને નવી દિલ્હી ખાતેના ગુજરાતના નિવાસી કમિશનર પી.કે. ગેરાએ સ્વીકાર્યો હતો.

## ભૂ.પૂ. રાષ્ટ્રપતિ ડો. કલામનાં હસ્તે આઈબીએન-૭ ડાયમન્ડ એવોર્ડ અર્પણ

આઈબીએન-૭ ડાયમંડ સ્ટેટ એવોર્ડ માનવીય સામાજિક વિકાસ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા દેશભરમાંથી ગુજરાત રાજ્યને પસંદ કરી તે એનાયત કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડ અંગે ખુશી વ્યક્ત કરતાં શ્રમ અને રોજગાર મંત્રી વજુભાઈ વાળાએ અત્રે જણાવ્યું હતું કે, રાજ્યમાં બેરોજગારોને રોજગારી આપવામાં ગુજરાત રાજ્યે શ્રેષ્ઠ કામગીરી કરી છે તેની આ એવોર્ડ એક પ્રકારની સ્વીકૃતિ જ છે. રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી આપવામાં ગુજરાત રાજ્ય છેલ્લા પાંચ વર્ષથી પ્રથમ સ્થાને રહ્યું છે. એટલું જ નહિં ગુજરાત રાજ્યે ઔદ્યોગિક ક્ષેત્રે ભરેલી હરણફાળને કારણે કૌશલ્યવાન અને તાલીમબધ્ધ માનવબળની જે જરૂરિયાત ઉભી થવાની છે તેને ધ્યાને લઈને સરકારે રાજ્યભરની આઈટીઆઈ, આઈટીસી જેવા તાલીમ કેન્દ્રો અને સ્વનિર્ભર તાલીમ કેન્દ્રો દ્વારા ઉદ્યોગની માંગ અને જરૂરિયાતને અનુલક્ષીને નવા નવા અભ્યાસક્રમો શરૂ કર્યા છે. જેના કારણે તાલીમબધ્ધ અને કૌશલ્યવાન યુવાનો હવે રાજ્યમાં તૈયાર થઈ રહ્યા છે, ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક બન્યા છે અને વધુને વધુ રોજગારી મેળવી રહ્યા છે. રોજગાર અને તાલીમ વિભાગના નિયામક સી.વી. સોમના જણાવ્યા પ્રમાણે ઔદ્યોગિક તાલીમ ક્ષેત્રે ગુજરાતે અનેકવિધ પરિણામકારી પગલાં ભર્યા છે. રાજ્ય સરકારના આ પગલાંથી વધુને વધુ બેરોજગાર યુવાનો કૌશલ્યવાન બનીને રોજગારી મેળવી રહ્યાં છે.